મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૭ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૨ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગરમાં આરંભાઈ અનોખી શિબિર

શ્રી કડવા પાટીદાર ૪૨ સમાજ એકતા વિકાસ મંચ દ્વારા ૭૧મી ગૃહિણી તાલીમ શિબિરનો શુભારંભ

ગાંધીનગર, તા.૪

શ્રી કડવા પાટીદાર ૪૨ સમાજ એકતા વિકાસ મંચ તથા ધરતી પરિવાર, મહેસાણા દ્વારા ૭૧મી ગૃહિણી તાલીમ શિબિરનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ બ્રહ્માણી કૃપા હોલ, કડી કેમ્પ, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે સવારે ૯.૦૦ કલાકે યોજાયો હતો. આ ગૃહિણી તાલીમ શિબિર ૩ થી ૧૨ તારીખ સુધી યોજાશે. જેમાં ૬૬થી વધુ દિકરીઓએ શિબિરમાં ભાગ લીધો છે. ૧૮ વર્ષથી ૩૦ વર્ષ સુધીની દિકરીઓ માટે આ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. એમ કહેવાય છે કે ધરતીનો છેડો ઘર, ઘરનો વિસામો કુશળ, સુઘડ અને સમજદાર ગૃહિણી હોય છે. હાલના સમયમાં સામાજીક વ્યવસ્થામાં થતા બદલાવો, વિભકત થતા જતા પરિવારો, વડીલોની ઉપેક્ષા જેવી સમસ્યાઓના ઉકેલ માટે લગ્ન બાદ આદર્શ ગૃહિણી બનવું ખુબ જરૂરી છે જે આ તાલીમ શિબિરમાં બહેનોને વ્યકિતત્વ વિકાસ, નારી સુરક્ષા, રોજગાર, કૌશલ્ય, બ્યુટી પાર્લર, ભાગેડુ લગ્નની પરિવાર અને સમાજ ઉપર થતી આડઅસર, નારીની ગઈકાલ, આજ અને આવતીકાલ, ભૂસાતા જતા સંસ્કારો, કુરીવાજોની ઓળખ અને દૂર કરવાના ઉપાયો જેવી બાબતો ઉપર તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવશે. જયારે એક દીકરીએ પત્ની, ભાભી, નણંદ, માતા, સાસુ જેવી અનેક મહત્વની સામાજીક જવાબદારીઓ નિભાવવાની હોય ત્યારે તેને મનોવૈજ્ઞાનિક પધ્ધતિથી તાલીમ મળે તો દીકરી અને એના પરિવારનો બેડો પાર થઈ જાય છે. ભૂતકાળમાં પણ પાટીદાર સમાજો દ્વારા આ તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં જે બહેનોએ તાલીમ લીધી હતી તે બહેનોના અભિપ્રાય હકારાત્મક છે અને એ બહેનો થકી એમનો પરિવાર આનંદ કિલ્લોલ કરે છે. આ ગૃહિણી તાલીમ શિબિર દ્વારા સમાજની બહેનોની સામાજીક સમરસતા, સહનશીલતા, ત્યાગની ભાવના, સમર્પણની ભાવના ઉજાગર થશે.

આ ૭૧મી ગૃહિણી તાલીમ શિબિરના ઉદઘાટન સમારોહમાં ગાંધીનગર સમાચારના તંત્રી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના પ્રમુખ કૃષ્ણકાન્ત જહા, લેખક અને વરિષ્ઠ પત્રકાર સંદેશ અખબારના દેવેન્દ્ર પટેલ, નિવૃત્ત માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. સર્વે મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટયમ કરીને કાર્યક્રમની શરૂઆત થઈ હતી. આ સમારોહમાં પ્રહલાદભાઈ પટેલ દ્વારા સમગ્ર ગૃહિણી તાલીમ શિબિર વિશેની માહિતી આપવામાં આવી હતી ત્યારબાદ મંચસ્થ મહાનુભાવો દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું. જેમાં સંદેશના વરીષ્ઠ પત્રકાર દેવેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે દિકરીઓ ગૃહિણી નહીં પણ ગૃહલક્ષ્મી બનીને જાય, સાસરીની વાત પિયરમાં કરવી નહી અને પિયરની વાત સાસરીમાં કરવી નહી તો જ સુખી રહેશો તેવા શુભ સંદેશ આપ્યા હતા અને છોકરાઓ કરતા છોકરીઓની સંખ્યા ઘટી રહી છે તે વિષય ઉપર ચર્ચા કરી હતી તથા દિકરીઓને મહાભારતના સમયકાળથી બલિદાન આપતા જોઈએ છીએ જેમાં દ્રૌપદીનું ઉદાહરણ આપ્યું હતું. જયારે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ તેમના પ્રવચનમાં દિકરીઓ પાસે ત્રણ પ્રતિજ્ઞા લેવડાવી હતી. તેમણે આ સાથે જણાવ્યું હતું કે વૃધ્ધાશ્રમ એ તંદુરસ્ત સમાજનું કલંક છે. સામાજિક ક્રાંતિ માટે ભાષા વિવેક જરુરી છે તમારી બોલીથી તમારું વ્યકિતત્વ દેખાય છે. નિવૃત્ત માહિતી નિયામક પ્રજ્ઞાબેન પટેલે જીંદગીમાં આગળ વધવા માટે કોઈ દિવસ શોર્ટકટને પસંદ ન કરવા પર ભાર મૂક્યો હતો. ધરતી પરિવારના મહામંત્રી બિપીનભાઈ પટેલે કર્મ ઉપર જીવન આધારિત છે તેના વિશે વાત કરી હતી અને દિકરીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

આ સમારોહમાં ડૉ. વીણાબેન વી. પટેલ (ડીન, ફેકલ્ટી ઓફ એજયુકેશન, કડી સર્વ વિદ્યાલય), દશરથભાઈ સી. પટેલ (પ્રમુખ, કડવા પાટીદાર ૪૨ સમાજ ગાંધીનગર), રાજુભાઈ જી. પટેલ (ચેરમેન, એપીએમસી-કડી), ડાહ્યાભાઈ વી. પટેલ (બિલ્ડર, ગાંધીનગર), બળદેવભાઈ બી. પટેલ (અધ્યક્ષ, ઉમિયા માતાજી સંસ્થાન), ખોડાભાઈ એમ. પટેલ (પ્રમુખ ક.પા. ૪૨ સમાજ બચત મંડળ, ગાંધીનગર), વાસુભાઈ એચ. પટેલ (ઉદ્યોગપતિ, ઉમા ઓઈલ ઈન્ડસ્ટ્રીઝ, કડી), બિપીનભાઈ પી. પટેલ (પ્રમુખ ધરતી પરિવાર, મહેસાણા)ની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનું સંચાલન નરેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ છે શિબિરનો લાભ....

બે વર્ષ પહેલા મેં ગૃહિણી તાલીમ શિબિરમાં ભાગ લીધો હતો. દરેક છોકરીઓએ આ શિબિરમાં ભાગ લેવો જ જોઈએ. આ શિબિર દ્વારા તમારે કઈ રીતે જીવનમાં આગળ વધવું, કુટુંબ વ્યવસ્થા કઈ રીતે આગળ વધારવી, સંતાનનો ઉછેર કેવી રીતે કરવો, તમારે કમાવવા માટે શું કરવું, કેરિયર ડેવલપમેન્ટ કઈ રીતે કરવું, રસોઈને લગતા વિષય હતા. કાયદા વશે માહિતી આપી હતી. સમાજમાં આપણે અસામાજિક તત્વો સામે શું સ્ટેન્ડ લેવા તેના વિશે દરેક છોકરીઓને જાણકારી હોવી જરુરી છે. સ્ટેજ ફિઅર કઈ રીતે દૂર કરવો વિગેરે શીખવવામાં આવે છે. આ શિબિરમાં જોડાઈને તમારી આખી લાઈફ બદલાઈ જશે. તમે અલગ અલગ સેવાઓના કામ કરી શકશો.

- ડેનિશા પટેલ
(યોગ ઈન્સ્ટ્રકટર)

જન્મદિને વધામણી

ભરતકુમાર સોમાભાઈ પરમાર
મો. ૯૭૧૪૯ ૫૮૩૫૯

નલીનભાઈ કે. ત્રિવેદી
મો. ૯૪૨૯૦ ૨૮૪૪૭

બ્રિંદા મેહુલભાઈ પટેલ
મો. ૯૬૨૪૮ ૧૨૧૧૧

જયસુખ પી રાજપુત

વંશ આતડીયા

મીનાબજારમાં કોરોના મૃતક વેપારીઓના પરિવાર દીઠ ૩.૧૧ હજારની સહાય

લારી-પાથરણાં ધરાવતા નાના વેપારીઓના પ્રગતિ લારી પાથરણાં મંડળનો પ્રસંશનીય પ્રયાસ

ગાંધીનગર, તા.૪

કોરોના મહામારી દરમ્યાન સૌને એક વાત જરૂર શીખવા મળી કે જીવનમાં સંગઠનનું મૂલ્ય ખૂબ મહત્વનું છે કેમકે મુશ્કેલી ગમે ત્યારે તમારા દ્વાર ખખડાવી શકે છે. આ મહામારી દરમ્યાન અનેક પરિવારો પાસેથી તેના આધાર સમા કુટુંબના મોભીઓને જ કાળમુખો કોરોના કોળિયો કરી ગયો જેના કારણે આ પરિવારો નિરાધારની સ્થિતિમાં આવી જવા પામ્યાં છે. શહેરમાં જુના સચિવાલય પાસેના મીના બજારનું પ્રગતિ લારી પાથરણાં મંડળ તેની સાથે સંલગ્ન આવા આઠ હતભાગી પરિવારો જેમના મોભી કોરોના દરમ્યાન અવસાન પામ્યાં હતા તેમની વ્હારે આવીને ઉભું રહ્યું છે અને આઠેય દિવંગત સભ્યોના પરિવારને પોતાના સ્વજન ગણીને આ કપરાં સમયે તેમની આર્થિક મદદ કરીને પ્રસંશનીય ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

ગુજરાત સ્થાપના દિને ગાંધીનગરના જુના સચિવાલય પાસેના મીનાબજારમાં ધંધો કરતા પ્રગતિ લારી પાથરણા મંડળ સંલગ્ન અને કોરોના દરમ્યાન મૃત્યુ પામ્યાં હોય એવા કુલ આઠ જેટલા વેપારીઓના પરિવારજનોને પરિવાર દીઠ રૂ.૧૧ હજારના ચેક તેમને આર્થિક રીતે મદદગાર થવા આપવામાં આવ્યા હતા. આમ મંડળ દ્વારા કુલ રૂ.૮૮ હજારની આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે દિવગંત આત્માની સદગતિ માટે પ્રાર્થના કરીને તેમને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. ચેક અર્પણ પ્રસંગે પ્રગતિ લારી પાથરણા મંડળ મીનાબજારના પ્રમુખ તુલસીભાઈ માલી, મહામંત્રી કનુભાઈ વાલેરા અને કરોબારી સભ્યો રમેશભાઈ ઠક્કર, અરવિંદસિંહ વાઘેલા, જયેન્દ્રસિંહ બિહોલા, વિરભદ્રસિંહ રાઠોડ, કિશનભાઈ ભીલ, રાજુભાઈ ચૌહાણ, સંજયભાઈ મહેતા અને જીતુભાઈ સોલંકી ઉપસ્થિત રહ્યાં હતાં. ભલે મીના બજારના લારી પાથરણાં ધરાવતા નાના નાના વેપારીઓ છે પરંતુ તેમના સંગઠને એકમેકની પડખે ઉભું રહીને મુશ્કેલીમાં મુકાયેલા પોતાના સાથી વેપારીના પરિવારને મદદ કરીને પ્રેરણાત્મક ઉદાહરણ પ્રસ્તુત કર્યુ છે.

નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'સમર સાયન્સ ટેલેન્ટ વર્કશોપ'નું આયોજન

ગાંધીનગર, તા.૪

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઉનાળા વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે તથા તેમનું કૌશલ્ય ખીલે તે હેતુથી સાયન્સ ના જુદા-જુદા વર્કશોપ યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પોતાની રજાઓ ટીવી. મોબાઈલ,ફિલ્મો વગેરે જેવી ઈત્તર પ્રવુતિમાં વેડફી ન દે તે હેતુથી આ વર્કશોપનું આયોજન તા.૧૦/૦૫/૨૦૨૨ થી ૨૫/૦૫/૨૦૨૨, સવારે ૯:૦૦ થી ૧૧:૩૦ દરમિયાન નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે સાયન્સ ટેલેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓની રસ અને રુચીને ધ્યાનમાં લઈને વિવિધ વર્કશોપ જેવા કે એરોમોડેલિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હાઈડ્રોપોનિક્સ, રસાયણશાસ્ત્ર સાથે મજા, ગણિત સાથે મજા, આયુષ સમજણ, ડ્રોન હોલોગ્રામ મેકિંગ, ડ્રોન પ્રિન્ટર, સ્ટેમ વર્કશોપ, ડાઈ વર્કશોપ, રોકેટરી, ભૌતિકશાસ્ત્ર સાથે મજા, સાયબર સુરક્ષા જાગૃતિ, બેઝીક ઈલેક્ટ્રોનિક્સ, રોબોટિક્સ, ખોરાકમાં ભેળસેળની કસોટીઓ જેવા જુદા જુદા તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ નિદર્શન દ્વારા રચના, કાર્ય પદ્ધતિ અને સિદ્ધાંતો વિષે સમજ આપવામાં આવશે.

આ વર્કશોપમાં ધોરણ ૫ થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વર્કશોપમાં જોડાવવા માટે નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નંબર ૬૧/૧,ઘ-ટાઈપ, સેક્ટર-૨૩ નો સંપર્ક કરવો. વધુ ભાગ લેવા રજીસ્ટ્રેશ કરવું ફરજીયાત છે. વહેલા તે પહેલાના ધોરણે પ્રથમ ૬૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

સરકારશ્રીની કોવીડ ગાઈડલાઈનનું વિદ્યાર્થીઓએ સંપૂર્ણ પાલન કરવાનું રહેશે. વર્કશોપમાં વિદ્યાર્થીઓએ કમ્પાસ બોક્ષ, કાતર અને પાણીની બોટલ, સાથે લાવવાની રહેશે. બીજી સામગ્રી અહીંથી આપવામાં આવશે. વધુ માહિતી માટે ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ગાંધીનગર રાજ્ય કક્ષા દ્વારા 'સ્થાપનાથી વિકાસ'ની થીમ આધારિત પરશુરામ યાત્રા યોજાઈ હતી. 'ધર્મ ભક્તિ સાથે રાષ્ટ્રભક્તિ'ના ઉદ્દેશ સાથે ૧૧૦૦ ફૂટ લાંબા રાષ્ટ્રધ્વજ સાથે યોજાઈ હતી. જેની 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન' દ્વારા નોંધ લેવાઈ છે.

'સ્થાપનાથી વિકાસ'ની થીમ આધારિત આ પરશુરામ યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો પોતાના વાહનો લઈને જોડાયા હતા. કેસરી સાફા, કેસરી ધજા, કેસરી વાઘામાં સજ્જ ભાવિકો સમગ્ર માર્ગમાં છવાઈ જતાં, સમગ્ર માહોલ કેસરીયો થઈ ગયો હતો.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા કોબા ખાતે સત્સંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૪

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસ સ્વામી મહારાજની અનુજ્ઞાથી કોબા ખાતે કારણ સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો.

મહંત ભગવતપ્રિયદાસ સ્વામી, દિવ્યચરણદાસ સ્વામી, ગુરુપ્રિયદાસ સ્વામી, વિશ્વેશ્વરદાસ સ્વામી સત્સંગ કાર્યક્રમમાં પધાર્યા હતા.

ગુરુપ્રિયદાસ સ્વામીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દિવ્ય અમૃતવાણી વચનામૃતની કથા કરી હતી. જયારે મહંત ભગવતપ્રિયદાસ સ્વામીએ જણાવ્યું હતું કે માનવજીવનમાં સત્સંગથી ઈમ્યુનીટી પાવર વધે છે, સત્સંગથી શુધ્ધ વિચારો પણ આવે છે અને સંસ્કૃતિ પણ જળવાય છે. મનુષ્યે જીવનમાં સ્નેહ, સંપ રાખી કુસંગ અને વ્યસનોને તિલાંજલિ આપવી. આ સાથે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના ટ્રસ્ટી મથુરભાઈ પટેલની પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ હતી.

ગાંધીનગર ખાતે ૭મીએ યોજાનાર મેગા જોબફેર મોકુફ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૭મી મે, ૨૦૨૨ ના રોજ આયોજન કરવામાં આવેલ મેગા જોબ ફેર અનિવાર્ય સંજોગાના કારણે મોકૂફ રાખવામાં આવ્યો છે. આ જિલ્લા કક્ષાનો મેગા જોબ ફેર ગાંધીનગરના સેકટર- ૨૩માં આવેલી સર્વ વિશ્વ વિધાલયના ઉમા આર્ટસ એન્ડ કોમર્સ મહિલા કોલેજના ખીમજી વિસરામ હોલ ખાતે યોજાનાર હતો. આ અંગે જિલ્લાના રોજગારવાંછુ ઉમેદવારોને નોંધ લેવી તેમજ વધુ જાણકારી માટે રોજગાર હેલ્પ લાઈન નંબર – ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા માટે જિલ્લા રોજગાર અધિકારી (જનરલ)એ જણાવ્યું છે.

જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં જે.એમ. ચૌધરીના ખેલાડીઓ ઝળક્યા

જિલ્લાકક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધા સેક્ટર -૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં અંડર -૧૭ બહેનો પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો તેમજ અંડર-૧૪ બહેનો એ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો આ ખેલાડી બહેનો જિલ્લાનું તેમજ શાળાનું પ્રતિનિધિત્વ રાજયકક્ષાએ કરશે. શાળાના આચાર્ય રમીલાબેન એસ. ચૌધરી તેમજ સમગ્ર શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત ઈતિહાસ પરિષદમાં ખજાનચી તરીકે નિમાયા

ગાંધીનગર, તા.૪

ગુજરાત ઈતિહાસ પરિષદની વર્ષ ૨૦૨૨થી ૨૦૨૪નાં વર્ષ માટે તાજેતરમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ગાંધીનગર નિવાસી અને ગુજરાત રાજય અભિલેખાગાર ખાતુ, ગાંધીનગરના નિવૃત્ત અધિક્ષક જિતેન્દ્ર વી. શાહ સતત ત્રીજી ટર્મ માટે કારોબારી સભ્ય તરીકે ચૂંટાયા છે અને ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે. આ અગાઉ તેઓએ રાજયના ઓલ ઈન્ડિયા રેડિયોના તમામ કેન્દ્રો પરથી પંદર કરતાં વધારે રેડિયો ટોક અને ટીવી કેન્દ્ર પરથી પણ અવારનવાર વાર્તાલાપ આપ્યો હતો. રાજયમાં અને રાજય બહાર તેઓએ ૭૦ કરતાં પણ વધારે સંશોધન પેપરનું વાંચન કરીને ઈતિહાસને ઉજાગર કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે.

ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી ૨૪૧ વિદ્યાર્થીઓના થેલેસેમીયા સેમ્પલ લેવાયા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે રેડક્રોસ સ્ટેટ બ્રાંચના જયંતીભાઈ વાણંદ તથા ભરતભાઈ શ્રીમાળી તથા ટીમ દ્વારા ૨૪૧ ટેસ્ટ સેમ્પલ (થેલેસેમીયા)ના લેવાયા હતા અને કોલેજ તરફથી પ્રો. ડૉ. રણછોડભાઈ રથવી તથા તેમની ટીમ તથા જિલ્લા રેડક્રોસની ટીમના સભ્યો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવાયો હતો. સાથે થેલેસેમીયા અવેરનેસ કાર્યક્રમ રાખી થેલેસેમીયા અવેરનેસની પત્રિકાઓ વહેંચવામાં આવી હતી.

ભગવાન પરશુરામની જન્મ જયંતિ નિમિત્તે શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર - રાજ્ય કક્ષા દ્વારા ભવ્ય શોભાયાત્રામાં ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન અને યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપનાં બાળકો દ્વારા માર્શલઆર્ટ્સનું પર્ફોર્મન્સ બતાવવામાં આવ્યું હતું. જેમાં નાન-ચાકુ, લાઠીદાવ, તલવારબાજી, નળિયા બ્રેકિંગ, ફાઈટ જેવા અનેક કરતબો બતાવવામાં આવ્યાં હતાં અને લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યાં હતાં સાથે સૌ લોકો મંત્રમુગ્ધ થઈ ગયાં હતાં અને બાળકોમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો તથા ટીમનું નેતૃત્વ મયુર પરમાર દ્વારા સંભાળવામાં આવ્યું હતું. સંસ્થા વર્ષોથી આવા અનેક પર્ફોમન્સો કરતી આવી છે અને કરતી રહેશે તેવું મિલાપ ટાટારિઆ દ્વારા જણાવવામાં આવ્યું હતું જેથી મહિલાઓમાં સ્વ-રક્ષણની જાગૃતિ થાય અને પોતાનો બચાવ કરવાં કટ્ટિબધ્ધ બને.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ચૌહાણ નટવરભાઈ શિવાભાઈ,** ઉ.વ. ૩૯, સે-૨૫, જીઆઈડીસી
- **સ્વ. ચૌહાણ વિક્રમજી મનાજી,** ઉ.વ. ૫૩, બાપુપુરા
- **સ્વ. પરમાર નરેન્દ્રસિંહ વજેસિંહ,** ઉ.વ. ૫૬, સે-૨૧
- **સ્વ. રાઠોડ લીલાબેન માધુજી,** ઉ.વ. ૮૫, વાવોલ